જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૦/૦૬/૨૦૧૮ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૨૮૮ લીટર દેશી દારૂ, ૯૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૨ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૧/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૨ /૧૮**

**ક્રાઇમબ્રાન્ચ** : શીવપ્રકાશ કુંજબિહારી અગ્રવાલ (ઉ.વ.૪૬)(રહે.નીલકંઠ પાર્ક-૧ BSNL ટેલીફોન એક્ષચેંજની સામે ઘોડાકેમ્પ રોડ શાહીબાગ) એ તા.૧૯/૬/૧૮ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે ઓકટોમ્બર/૨૦૧૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મનિષકુમાર વિમલકુમાર શર્મા (રહે.આનંદલક્ષ્મી એપાર્ટમેન્ટ શાહીબાગ) (૨) પ્રીત ફેબ્રીકસ નામની પેઢીના પ્રોપરાઇટર પ્રિતી વીકી દલવાની (૩) વિકી પ્રકાશ દલવાની (પ્રીત ફેબ્રીકસ નામની પેઢીના ઓર્થોરાઇઝડ પર્સન) (બંને રહે.બંગલા નં.૨૦ સતગુરુ પાર્ક-૨ બંગલા એરીયા કુબેરનગર) ભેગામળી સારંગપુર ન્યુ કલોથ માર્કેટ ની સામે સુમેલ બીઝનેસ પાર્ક-૩ ખાતે આવેલ પેરેડાઇઝ ટ્રેડવિંગસ પ્રા.લી.નામની શીવપ્રકાશ ની ઓફીસ માં શીવપ્રકાશ ને “હાલમાં કાપડનુ માર્કેટ સારૂ છે અને જો મોટો ધંધો કરીશુ તો તમારી કંપનીને મોટો નફો થશે અને તેમની પાસે માલ ખરીદનાર પણ છે અને જેટલો માલ વેંચવો હશે તે તમામ વેંચાણ કરાવી દેવાની” લોભામણી વાતો કરીને લાલચ આપતા, શીવપ્રકાશે કુલ રૂપિયા ૩,૬૧,૭૯,૨૩૦/- મતાના માલનુ ખરીદ–વેંચાણ કરેલ અને આરોપીઓ દ્વારા ખરીદ-વેચાણ કરેલ માલની લેવડ-દેવડના બાકી તમામ નાણા તેઓ ચુકવી આપશે તેમ જણાવી, શીવપ્રકાશ પાસેથી અંદાજે રૂપીયા ૯૦,૦૦,૦૦૦/- નો માલ લઇ તે માલના પૈસા શીવપ્રકાશને આપી, વિશ્વાસ કેળવી રૂપિયા ૩. ૫૬ કરોડ આપવાની લેખીત બાંહેધરી આપી, તેના પેમેન્ટ પેટે રૂપીયા ૧,૬૬,૦૦,૦૦૦/- નો માલ શીવપ્રકાશને વેચવા માટે આપી બાકીના રૂપીયા ૧,૯૦,૦૦,૦૦૦/- ની આજદીન સુધી અવાર-નવાર માંગણી કરતા નહી ચુકવી, શીવપ્રકાશ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ભરવાડ ચલાવે છે.

**સાબરમતી** : રઘુનાથભાઇ રણછોડ્ભાઇ પટેલ (ઉ.વ.૬૨)(રહે,મુળ વતન: ગામ રણસીપુર તા.વિજાપુર જી.મેહસાણા) એ તા.૧૯/૬/૧૮ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અચેર સાબરમતી ડેપો ચાર રસ્તા ખાતે માહે નવેમ્બર-૨૦૦૯ થી માહે જાન્યુઆરી-૨૦૧૮ દરમ્યાન આરોપી (૧) વિક્રાંન્ત સાહી (૨) રાજીવ ગુપ્તા (૩) મનમોહનસિંહ (૪) રાધીકા જોશી (જે તમામના પુરા નામ-ઠામ સરનામા મળેલ નથી) ભેગામળી રઘુનાથભાઇના મોબાઇલ ફોન ઉપર ફોન કરી પોતાની આઇ.આર.ડી.એ. દિલ્લી ના ઓફીસર તરીકે ખોટી ઓળખ આપી, પોલીસીઓ લેવડાવા અને પોલીસી ઓનુ એકજ વખત પ્રીમિયર ભરી બોનસ આપવાની વાતચીત કરી, નવેમ્બર/૨૦૦૯ થી માર્ચ/૨૦૧૩ સુધી આઇ.સી.આઇ. સી.આઇ પ્રુડેંસીયલની ૧૬ પોલીસી તથા ભારતી એક્ક્ષા લાઇફ ઇંન્શ્યોરંસની ૦૯ પોલીસી તથા કોટક લાઇફ ઇંન્શ્યોરંસની ૧૪ પોલીસીએ તથા એગોન રેલીફેર લાઇફ ઇંન્શ્યોરંસની ૧૪ પોલીસી મળી કુલ-૫૩ પોલીસીઓ આપી, તેમા રૂપીયા ૩૧,૧૪,૧૯૮/- નું રોકાણ કરાવી, પોલીસી ના નાણા જલ્દી મેળવવા માટે અને ફાઇલ ક્લીયર કરાવવા સીક્યુરીટી પેટે રૂપીયા ૪,૮૮,૦૦૦/- મેળવી લઇ, આઇ.સી.આઇ. સી.આઇ. કંપની ની ખોટી સ્લીપ આપી, સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટર ટેક્સીસ (સી.બી.ડી.ટી) દિલ્હીના અધીકારી તરીકે ઓળખ આપી “પોલીસીની પાકતી રકમ રૂપીયા ૩૯,૮૭,૦૦૦/- મેળવવા ફાઇલ ક્લીયર કરાવવા ટેક્શ ભરવો પડશે” તેમ જણાવી, ફાઇલ ક્લીયરંસ ટેક્સ ભરવા માટે સી.બી.ડી.ટી.એ UVA FINSOL PVT.LTD કંપની ની નિમણુક કરેલ છે” તેમ જણાવી, રઘુનાથભાઇ ને વિશ્વાસ અને ભરોસામાં લઇ એચ.ડી.એફ.સી બેંક એકાઉંટમાંથી ટેક્ષ ના નાણા રૂપીયા ૯૦,૨૯,૯૩૦/- ચેકો થી ભરાવી તથા સીક્યુરીટી પેટેના નાણા રૂપીયા ૪,૮૮,૦૦૦/- મળી કુલ રૂપીયા ૯૫,૧૭,૯૩૦/- ખોટી રીતે મેળવી લઇ, તેમજ “જી.એસ.ટી પ્રમાણે બીજો વધારાનો સર્વીસ ટેક્ષ રૂપીયા ૧૫,૫૧,૨૦૦/- ભરવો પડશે તો જ તમારી પોલીસીઓ ક્લીયર થશે” તેમ જણાવી, રઘુનાથભાઇ ને અવાર-નવાર સર્વીસ ટેક્ષના નાણા ભરવાનુ જણાવી “તમો વધારાના સર્વીસ ટેક્ષ ભરસો તો જ તમારી પોલીસીના પાકતા નાણા મળશે” તેમ જણાવી માહે જાન્યુઆરી/૨૦૧૮ સુધી અવાર-નવાર મોબાઇલ ફોન ઉપર વાતચીત કરી રઘુનાથભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી,બડવા ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૧૧૬૩ /૧૮**

**ચાંદખેડા** : ગીતાબેન વા/ઓ મનિષસિંઘ સિંઘ (રહે.કુમકુમ રેસીડેન્સી ગાઠીંયા રથ પાછળ ચાંદખેડા) એ તા.૧૯/૬/૧૮ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૬/૧૮ કલાક ૧૧/30 થી રાતના ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૮૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.સોલંકી ચલાવે છે.

**સરદારનગર** : અનિલભાઇ હાશાનંદ જમસાણી (રહે,મારુતી સૃષ્ટી ફ્લેટ “જી” વોર્ડ કુબેરનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૬/૧૮ રાતના ૯/૨૦ વાગ્યાના સુમારે ડાઇમંડ કોમ્લેક્ષ મા દુકાન નં. ૧,૨,૩ દેવલાલી બજાર ખાતે આવેલ પોતાની “ભોલેનાથ લેગીશ” નામની દુકાનનું શટર તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, લેગીશ પીસ નંગ-૨૪૦૦ કિંમત રૂપિયા ૧,૬૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ. ઠાકોર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૧૬૪/૧૮**

**સરખેજ** : શીવકુમાર મુન્શીલાલ પાઠક (ઉ.વ.૪૨)(રહે,ગોકુલમ એપાર્ટમેન્ટ ઉજાલા સર્કલની બાજુમાં સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૬/૧૮ રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે સનાથળ સર્કલ થી ઉજાલા સર્કલ તરફ આવતા વચ્ચે આવેલા ટાટા ગેલોપ્સના શો-રૂમ આગળ રોડ ઉપર શીવકુમાર ના ભાઇ ઉમેશ (ઉ.વ.3૨)(રહે.પાર્વતીકુંજ સોસાયટી, ઉજાલા સર્કલ પાછળ, સરખેજ) પોતાનું મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક ટ્રેકટર નંબર જીજે.૦૧.એ.ક્યુ. ૯૯૫૬ ના ચાલકે ટ્રેકટર બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવતા, એકદમ બ્રેક મારતા, પાછળ મોટર સાયકલ ચલાવી આવતા ઉમેશભાઇને શરીરે ગંભીર ઈજાઓ થતા, સારવાર અર્થે તેમને શ્રેય હોસ્પીટલમાં લઇ જતા ફરજ પરના ડૉ.શ્રી એ ઉમેશને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.સી.મકવાણા ચલાવે છે.

**સાઇટ ઉપર પડી જતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૧૬૫/૧૮**

**ઘાટલોડીયા** : દિનેશભાઇ હાવજી નિનામા (ઉ.વ.૨૦)(રહે,લેબર કોલોનીના પ્લોટમા આવેલ પતરાની ઓરડીમા જલસા પાર્ટીપ્લોટની પાછળ સોલા) તા.૧૯/૬/૧૮ ના કલાક ૯/૫૦ વાગ્યાના સુમારે સુરધારા સર્કલ પાસે આવેલ એપલ ટ્રી નામની નવી બનતી સાઇડ ઉપર મજુરી કરતા હતા દરમ્યાન બ-બ્લોક ઉપરથી નીચે પડી ગયેલ, જેમને સારવાર અર્થે સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૧૬૬/૧૮**

**વેજલપુર** : ફરહાનખાન સ/ઓ અમીનખાન પઠાણ (ઉ.વ.૨૮)(રહે,ન્યુ આસીયાન સોસાયટી શરીફાબાદ સોસાયટી પાસે જીવરાજપાર્ક) એ અગમ્ય કારણસર તા.૧૮/૬/૧૮ સાંજના ૭/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેશકુમાર સ્વરૂપસિંહ ચલાવે છે.

**ગોમતીપુર** : નીલેશભાઇ પ્રેમજીભાઇ રાઠોડ (ઉ.વ.૨૭)(રહે,શેઠ કોઠાવાળા વોરાની ચાલી શેઠ પુનમજીના છાપરા, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૮/૬/૧૮ રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી જતા શરીરે અસર થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/૦૬/૨૦૧૮ ના કલાક ૫/૫૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ સોનાભાઇ ચલાવે છે.

**બાપુનગર** : પ્રકાશસિંહ તેજસિંહ સુર્યવંશી (ઉ.વ.૨૮)(રહે,ભગવતી સોસાયટી વિ-૧ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૮/૬/૧૮ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા એસીડ પી જતા શરીરે અસર થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૬/૨૦૧૮ રાતના ૯/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ગઢવી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.